રૂપાણી સરકાર પાસા એક્ટમાં સુધારો કરશે

વિધાનસભાના ચોમાસુ સત્રમાં કાયદામાં કરાશે સુધારો

ગાંધીનગર,તા.૨૭ એક નોંધપાત્ર ડેવલપમેન્ટ મુજબ રાજય સરકાર ગુજરાત પ્રીવેન્શન ઑફ એન્ટી-સોશિયલ એક્વિટિઝ(પાસા) એક્ટ, ૧૯૮૫ હેઠળ જાતીય અપરાધ, સાયબર ગુનાઓ, મની લોંડ્રિંગ શાર્ક અને જુગારધામોના આયોજકોને સકંજામાં લેવા માટે સુધારો કરવા માટે તૈયાર છે. સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં વટહુકમ અથવા કાયદા દ્વારા પાસા એક્ટમાં સુધારો કરવામાં આવશે. કેબિનેટે સંબંધિત અધિકારીઓને આ કાયદામાં સુધારો કરવા માટે બિલ/વટહુકમ માટે ડ્રાફ્ટ તૈયાર કરવા જણાવ્યુ છે.

આ સુધારામાં ગુનાઓની નવી કેટેગરીનો પણ સમાવેશ કરવામાં આવશે. ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે જાતીય સતામણી, સાયબર ફ્રોડ અને જુગારને પાસા એક્ટ હેઠળ લાવવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ આ સુધારા વટહુકમ સ્વરૂપે હશે. સૂત્રોના જણાવ્યા મુજબ સૌથી મહત્વનો ફેરફાર એ આરોપી વિરુદ્ધ પાસા ચલાવવા વહીવટી વિભાગમાંથી પોલિસ વિભાગમાં અધિકારીની બદલીનો છે. આ ડેવલપમેન્ટના એક અધિકારીએ જણાવ્યુ કે,

હાલમાં જયાં પોલિસ કમિશ્નર ન હોય તેવા જિલ્લાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા હેઠળ ધરપકડનો આદેશ આપવામાં આવે છે.' હવે આઈજી લેવલના અધિકારીને પાસા હેઠળ એક્શન લેવાના અધિકાર મળશે. ઉલ્લેખનીય છે કે આરોપી ગુનેગારોને જેલના સળિયા પાછળ રાખવા માટે પોલિસ અધિકારીઓ દ્વારા અટકાયતના પગલા તરીકે પાસા એક્ટનો ઉપયોગ કરવામાં આવે છે. હાલમાં પ્રતિબંધ કાયદાઓમાં તેનો મહત્તમ ઉપયોગ થાય છે.

સુનીલ ગાવસ્કરે કહ્યુ, 'કપિલ દેવ ભારતના સર્વકાલિન મહાન ક્રિકેટર

ન્યુ દિલ્હી,તા.૨૭ મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરએ કપિલ દેવને ભારતના સર્વકાલિન સર્વશ્રેષ્ઠ ક્રિકેટર કહ્યાં છે. ગાવસ્કરે કહ્યું કે, તેમને તે વાત પર કોઈ શંકા નથી કે કપિલ દેવ ભારતના ઓલ ટાઈમ બેસ્ટ ક્રિકેટર છે. ગાવસ્કરે કપિલને 'કમ્પ્લીટ' ક્રિકેટર કહ્યાં છે. ગાવસ્કરે કહ્યું કે, ૧૯૮૩ના વિશ્વ વિજેતા ટીમના કેપ્ટન કપિલ દેવ હંમેશા ભારતના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર રહ્યાં છે. ગાવસ્કરે કહ્યુ, સૌથી ઉપર કપિલ દેવ હશે,

મારા માટે તે સર્વશ્રેષ્ઠ ઠે. સૌથી આગળ કપિલ હશે. ગાવસ્કરના શબ્દોમાં કપિલ રમતના દરેક પાસા પર પોતાની અસર રાખતા હતા. ગાવસ્કરે એક ચેનલ સાથે વાતચીતમાં કહ્યું, કપિલ દેવ દેશ માટે બેટ અને બોલ બંન્નેથી મેચ જીતાડી શકતા હતા. તેમણે કહ્યું, 'તે બોલ અને બેટ બંન્નેથી મેચ જીતી શકતા હતા. તે વિકેટ ઝડપીને તમને જીત અપાવી શકે. તે ઝડપથી ૮૦-૯૦ રન બનાવીને મેચનું પરિણામ બદલી શકતા હતા. તેમણે બેટથી પણ પ્રભાવ છોડ્યો અને બોલથી પણ. આ સિવાય આપણે તેમના કેચને પણ ન ભૂલવા જોઈએ. તો કુલ મળીને તેઓ એક સંપૂર્ણ ક્રિકેટર હતા.'

કેશોદમાં કોરોના આખા પરિવારને કોળિયો કરી ગયો

કોરોનાગ્રસ્ત પતિની આત્મહત્યા બાદ વિરહમાં પત્નીએ પુત્ર સાથે કર્યો આપઘાત

રાજકોટ,તા.૨૭ સામાન્ય રીતે આત્મહત્યાની ઘટનાઓ ગુજરાત સહિત દેશમાં છાસવારે બનતી રહે છે. આવી જ એક ઘટના જૂનાગઢના કેશોદમાં બની છે. જ્યાં એક માતાએ પોતાના પુત્ર સાથે કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સુત્રોના જણાવ્યા પ્રમાણે મહિલાએ પોતાના પતિની આત્મહત્યા બાદ આઘાત લાગ્યો હતો. અને પતિના મોત બાદ એકલી પડી ગઈ હતી. જેના પગલે પત્નીએ આ કમકમાટી ભર્યું પગલું ભર્યું હતું. મળતી માહિતી પ્રમાણે જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં આવેલા મોટી ઘંસારી ગામમાં ૩૫ વર્ષીય નીતાબહેન અશોકભાઈ ચુડાસમાં પોતાના ૪ વર્ષના પુત્ર હેત અશોકભાઈ ચુડાસમા સાથે રહેતા હતા.

તેઓ આંગણવાડી ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા. થોડા સમય પહેલા તેમના પતિ અશોકભાઈ ચુડાસમાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ અશકોભાઈએ જૂનાગઢમાં ખાનગી હોસ્પિટલના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. આમ પતિના મોત બાદ નીતાબહેનને આઘાત લાગ્યો હતો. પતિના મોત બાદ તેમનો પરિવાર વેરવિખેર થયો હતો. અને તેઓ એકલા પડી ગયા હતા. આમ આઘાતમાં સરી પડેલા નીતાબહેને પોતાના પુત્ર સાથે આપઘાત કરી લીધો હતો. વધુ મળતી માહિતી પ્રમાણે નિતાબહેને પોતાના ચાર વર્ષના પુત્ર સાથે કૂવામાં ઝંપલાવ્યું હતું.

જેના પગલે માતા-પુત્રનું મોત નીપજ્યું હતું. આ અંગે જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી કરી હતી. આ કમકમાટી ભરી ઘટનાના પગલે નાના એવા મોટી ઘંસારી ગામમાં ચકચાર મચી ગઈ હતી. ઉલ્લેખનિય છે કે અશોકભાઈ માંગરોળના મંડેર ગામમાં ખાનગી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. જો કે, ૨૩ તારીખના રોજ અશોક ચુડાસમાને જૂનાગઢની ખાનગી હોસ્પિટલના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. જ્યાં તેમની કોરોનાની સારવાર ચાલી રહી હતી.

સુરતના કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓએ યોગ ગરબા સાથે કર્યુ મેડિટેશન

સુરત,તા.૨૭ સમગ્ર વિશ્વમાં કોરોનાના લઈને લોકો હતાશા અનુભવી રહ્યાં છે. ત્યારે આવા સમયે હકારાત્મક વાતાવરણ ઉભુ કરાયાના કેટલાક દ્રશ્યો અલથાણના અટલ સંવેદના કોવિડ કેર સેન્ટરમાં સવારે જોવા મળી રહ્યા છે. જેમાં કોરોનાના દર્દીઓ ધ્યાન સાથે યોગગરબાના તાલે ઝૂમી રહ્યાં છે.ટ્રેનર દ્વારા તૈયાર કરેલા યોગ સાથે ગરબાની પ્રેક્ટિસ દર્દીઓને કરાવામાં આવી રહી છે. એક તાળી , બે તાળી અને ત્રણ તાળી ગરબા તેમજ અર્વાચીન ગરબા અને હિંચ ગરબા વગેરેનું કોમ્બિનેશન કરીને તેમને ગરબાની અલગ-અલગ મુવમેન્ટ સેટ કરવામાં આવી છે. ટ્રેનર પીપીઈ કીટ પહેરીને દર્દીઓને યોગગરબાના અલગ અલગ મુવ્સ અને ધ્યાન કરાવે છે. આજે ૮૭ દર્દીઓ, ૨૧ વોર્ડબોય, ૧૨ નર્સ અને ૬ ડોકટરોની સાથે પણ જોડાયા હતા. સેન્ટરમાં ડ્રાયફ્રૂટના ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે, ત્યાં દર્દીઓને સવારે ધ્યાન અને યોગ ગરબા કરાવવામાં આવી રહ્યાં છે. ઈન્ડિયન એકેડમી ઓફ ગરબા અને ડોઢિયાના અનિષ રંગરેજે કહ્યું કે,

અમે કોવિડ ગરબા ફીટનેસ માટે ઈનવેન્ટ કર્યા હતા, પરંતુ ડોકટરો સાથે મળીને કોરોનાની પરિસ્થિતિમાં કોવિડ પેશન્ટ માટે સ્પેશિયલ પ્રોટોકોલ બનાવ્યો છે. જેથી તેમનો સ્ટ્રેસ ઓછો કરી શકાય અને તેમની ઈમ્યુનિટી વધારી શકાય અને પોઝિટીવીટી વધારી શકાય. કોવિડ પ્રોટોકોલમાં અલગ અલગ આસન, ધ્યાન અને યોગા કરાવાઈ રહ્યાં છે.

મહેશ માંજરેકરને ખંડણી માટે ધમકી આપનાર શખ્સને પોલીસે પકડ્યો

મુંબઈ,તા.૨૭ હિન્દી તથા મરાઠી ફિલ્મોના અભિનેતા અને દિગ્દર્શક મહેશ માંજરેકરને ખંડણી માટે ફોન પર મેસેજ મોકલનાર અને ફોન કોલ કરનાર એક અજાણ્યા શખ્સને મુંબઈ પોલીસે રત્નાગિરીમાંથી પકડી લીધો છે. માંજેરકરે મુંબઈના દાદર ઉપનગરના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી કે રૂ. ૩૫ કરોડની ખંડણી આપવાની માગણી કરતો એમને પહેલા એક મેસેજ આવ્યો હતો અને પછી એ જ શખ્સનો ફોન કોલ આવ્યો હતો.

ફોન કરનારે પોતે ગેંગસ્ટર અબુ સાલેમની ટોળકીનો સભ્ય છે એવો દાવો કરીને ખંડણી માગી હતી. માંજરેકરે બે દિવસ પહેલાં આ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તરત જ એ ફરિયાદ એન્ટી-એક્સ્ટોર્શન સેલને ટ્રાન્સફર કરી હતી. માંજરેકરે કહ્યું કે આ કેસ બહુ સંવેદનશીલ છે અને આમાં ખંડણીના પ્રયાસનો મામલો છે. કેસ વધુ તપાસ માટે એન્ટી-એક્સ્ટોર્શન સેલને ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો છે.

મને ફોન પર અમુક મેસેજ આવ્યા હતા. એ માણસે મારી પાસે પૈસા માગ્યા હતા. એટલે મેં પોલીસને જાણ કરી હતી. એ સિવાય મને કંઈ થયું નથી. એ કદાચ ગરીબ છે અને પૈસાની જરૂરને કારણે હતાશામાં આવીને મને મેસેજ કર્યો હશે. માંજરેકરને જે નંબર પરથી ફોન આવ્યો હતો તે ફોન કરનાર શખ્સના નામથી જ રજિસ્ટર થયો છે.

ઈડીએ ઈંદ્રજીત ચક્રવર્તીને ફરી સમન્સ મોકલ્યું

મુંબઈ,તા.૨૭ સુશાંતસિંહ રાજપૂત કેસમાં સીબીઆઈ દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાતમા દિવસે સીબીઆઈ ટીમ ઝડપી તપાસ કરી રહી છે. અત્યાર સુધીમાં આ મામલામાં કેટલાક મોટા ખુલાસાઓ થઈ ચૂક્યા છે. રિયાના તાર ડ્રગ ડીલિંગની સાથે જોડાયેલા હોવાના સમાચાર પછી નારકોટિક્સ બ્યૂરોએ પણ રિયાની વિરૂદ્ધ ક્રિમિનલ કેસ દાખલ કર્યો છે. નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોના ડીજીએ જણાવ્યું હતું કે દિલ્હીથી એક ટીમ ડ્રગની સાથે જોડાયેલા મામલાની તપાસ કરવા માટે રવાના થઈ ગઈ છે. તો બીજી તરફ રિયાના ભાઈ શૌવિકની ડીઆરડીઓ ગેસ્ટ હાઉસમાં સીબીઆઈ પૂછપરછ કરી રહી છે. સુશાંતના પરિવારના વકીલ વિકાસસિંહે કહ્યું કે સીબીઆઈ પૂરતા પૂરાવા મેળવ્યા પછી જ રિયાની ધરપકડ કરવા માગે છે. જો સીબીઆઈ પૂરાવાઓ વગર રિયાની ધરપકડ કરે છે તો તેને તરત જમાનત મળી જશે અને તે આ કેસ માટે નુકસાનકારક સાબિત થશે.

આ વચ્ચે ઈડીએ રિયાના પિતા ઈંદ્રજીત ચક્રવર્તીને ફરી સમન્સ મોકલ્યું છે. ઈડીએ પહેલા પણ તેની પૂછપરછ કરી છે. રિયા ડ્રગ ચેટનો ખુલાસો ઈડીની તપાસમાં થયો છે. ઈડીએ રિયાના ડિલી થઈ ગયેલા વોટ્સએપ ચેટ રિકરવ કર્યા હતા જેમાં ડ્રગને લઈને વાતચીત સામે આવી છે.

INDUSTRIAL FACTORY SHED FOR RENT
ईन्डस्ट्रीयल फैक्टरी शेड भाडे से देना है।
15000 sq. fit ground & first floor with lift facility
Contact: M: 98247 28200
Plot no 45, Opp. 66kv Sub Station, Dungra GIDC, Garment Zone. Dungra, Vapi

દમણગંગા ટાઈમ્સ
ડીસ્કલેમર/ સ્પષ્ટતા
વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક

સેલ.. સેલ.. સેલ.. સેલ..
MAYUR FOOTWEAR
AC Showroom
Bata Lakhani Shoes action Paragon
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ ફોન: 241042

એજીસ લોજીસ્ટીક્સ લીમી.

CIN: L63090GJ1956PLC001032
રજી. ઓફિસ: ૫૦૨, સ્કાયલોન, જી.આઈ.ડી.સી., ચાર રસ્તા, વાપી- ૩૯૬ ૧૯૫, જી.વલસાડ, ગુજરાત
કોર્પો. ઓફિસ: ૧૨૦૨, બી ટાવર, પેનીન્સુલા બિઝનેસ પાર્ક, જી.કે.માર્ગ,
લોઅર પરેલ(ઇ), મુંબઈ : ૪૦૦૦૧૩, ટેલી.: + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૬૬૬, ફેક્ષ : + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૭૭૭
ઈ-મેઈલ : aegis@aegisindia.com, વેબસાઈટ : www.aegisindia.com

નોટિસ

અત્રેથી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ હેઠળના નિયમો અને તા.૮ એપ્રિલ ૨૦૨૦ના જનરલ સરક્યુલર નં. ૧૪/૨૦૨૦ સાથે તા.૫મી મે ૨૦૨૦ના જનરલ સરક્યુલરને વાંચતા અને તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦ના મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ('એમસીએ') દ્વારા જારી જનરલ સરક્યુલર નં. ૧૭/૨૦૨૦ અને તા.૧૨મી મે ૨૦૨૦ના સેબીના સરક્યુલર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 ના સંદર્ભે લાગુ પડતી જોગવાઈઓને અનુસરતાં નોટીસ આપવામાં આવે છે કે એજીસ લોજીસ્ટીક્સ લીમીટેડની ૬૩મી વાર્ષિક સાધારણ સભા ('એજીએમ') મંગળવાર તા.૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૦ના સાંજે ૫:૦૦ કલાકે (આઈએસટી) વિડીયો કોન્ફરન્સ (''VC'') અથવા અધર ઓડીયો વિઝયુઅલ મીન્સ (''OAVM'') મારફતે સભ્યોની ભૌતિક હાજરી વગર યોજાશે. એજીએમમાં ભાગ લેવા માટેની પ્રક્રિયા એજીએમ માટેની નોટીસમાં પૂરી પડાશે.

ઉપરોક્ત સરક્યુલરોની પૂર્તતા સાથે ૬૩મી એજીએમ માટેની નોટીસ, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલ સાથે લાગુ પડતા નિયમો મુજબ જેમના ઈ-મેઈલ આઈડી કંપની/ડીપોઝીટરી પાસે નોંધાયેલા છે એ સભ્યોને મોકલાશે. વાર્ષિક અહેવાલ સાથેની નોટીસ કંપનીની વેબ-સાઈટ www.aegisindia.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે. વધુમાં જો એજીએમમાં ડીવિડન્ડ જાહેર કરાશે તો જે શેરહોલ્ડરોના નામ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૦ના કંપનીના સભ્યોના રજીસ્ટરમાં હશે તે સભ્યોના બેંક ખાતામાં ઉપરોક્ત સરક્યુલરોને અનુસરતાં ઈલેક્ટ્રોનિકલી ચુકવાશે. જે સભ્યો રજીસ્ટરમાં નોંધાયેલા નથી / બેંક એકાઉન્ટની વિગતો કંપની / ડીપોઝીટરીને અપડેટ નથી કરી તેમના ચેકો / ડીમાન્ડ ડ્રાફટસ કંપની રોકી રાખશે અને એ લોકડાઉન ઉઠ્યા પછી અને ટપાલ સેવા સામાન્ય થવા પછી મોકલાવશે. જે સભ્યો ભૌતિક રીતે શેરો ધરાવે છે તેમને તેમના ઈ-મેલઆઈડી અને બેંક ખાતાની વિગતો લીંક https://linkintime.co.in/emailreg/emailregister.html થી બ્રાઉઝીંગ કરી અપડેટ કરી સંપૂર્ણ ઔપચારિકતા પૂર્ણ કરવા અને ત્યારબાદ માર્ગદર્શન મુજબ રજીસ્ટ્રેશન પ્રક્રિયાને અનુસરવા વિનંતી છે અને જે સભ્યો ડીમેટ સ્વરૂપે શેરો ધારણ કરે છે તેમને તેમના ડીપોઝીટરી પાસે તેમના ઈ-મેલ આઈડી અને બેંક ખાતાની વિગતો અપડેટ રાખવા સલાહ આપવામાં આવે છે. એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબના કામે સભ્યોને તેમના મત ઈ-મતદાનથી અપાવાની તક માટે કંપની ઈ-મતદાનની વ્યવસ્થા પુરી પાડશે. રીમોટલી વોટીંગની પધ્ધતિ માટે જે સભ્યો ડીમેટ મોડ, ફિઝીકલ મોડમાં શેરો ધરાવે છે અને જેઓએ તેમના ઈ-મેલ આઈડી નોંધાયેલા નથી અને એજીએમ માટેની નટીસમાં આઈડી પૂરા પડાશે. જે સભ્યોએ તેમના ઈ-મેલ આઈડી અને પાન પણ કંપની / ડીપોઝીટરી પાસે અપડેટ નથી કરાવ્યા તેમને લીંક ઈન્ટાઈમ ઈન્ડીયા પ્રા. લી.મી.ને તેમના ઈ-મેલ આઈડી enotices@linkintime.co.inનો સંપર્ક કરવા અથવા ઈ-મતદાન સબંધી તપાસ માટે ૦૨૨-૪૯૧૮૬૦૦૦ નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. આ વિગતો એજીએમની નોટીસમાં પણ પુરી પડાયેલ છે. અને કંપનીની વેબસાઈટ www.aegisindia.com પર પણ ઉપલબ્ધ છે.

સભ્યો એ બાબતથી માહિતગાર હશે કે, ફાઈનાન્સ એક્ટ ૨૦૨૦ના સુધારા મુજબ ઈન્કમટેક્સ એક્ટ, ૧૯૬૧ (''ધ એક્ટ'') મુજબ એપ્રિલ ૧, ૨૦૨૦ પછી કંપની દ્વારા ચુકવાયેલ અથવા વિતરિત ડીવિડન્ટ શેર હોલ્ડરો માટે વેરાને પાત્ર છે. તેથી કંપની માટે ટેક્સ એટ સોર્સ (ટીડીએસ) કાપવુ. અંતિમ ડીવિડન્ડની ચૂકવણી સમયે જરૂરી છે. જો એમજી એમમાં જાહેર થાય તો કંપનીને યોગ્ય ટીડીએસ/વિથ હોલ્ડીંગ ટેક્સ રેટ કાપવા અને નક્કી કરવા માટે કંપની/ડીપોઝીટરી પાસે જે સભ્યોના ઈ-મેલ આઈડી નોંધાયેલા હતાં તેમને જાણ કરવામાં આવી છે. આ કમ્યુનિકેશન કંપનીની વેબસાઈટ http://www.aegisindia.com/Dividend.aspx ખાતે ઉપલબ્ધ છે. સભ્યોને તા.૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૦ના કે તે પહેલા વેરા રાહત માટેના દસ્તાવેજો ઈ-મેલ અઈડી aegisdivtax@linkintime.com ખાતે ''વેરા રાહત માટેના દસ્તાવેજો'' તરીકે જમા કરાવવા અથવા લીંક http://linkintime.com.in/formsreg/submission-of-form-15g-15h.html ની મુલાકાત લઈ અપડેટ કરવા માટે વિનંતી કરવામાં આવે છે.

એજીસ લોજીસ્ટીક્સ લીમી.
- વતી
મોનિકા ગાંધી
કંપની સેક્રેટરી

સ્થળ: મુંબઈ
તારીખ: ૨૭/૦૮/૨૦૨૦

હૃષીકેશ મુખર્જી

ઓગસ્ટના સિતારા
નરેશ કાપડિયા

સાર્થક સંદેશા આપતી છતાં મનોરંજક ફિલ્મોના સર્જક હૃષીકેશ મુખર્જી ચૌદ વર્ષ પહેલાં, ૨૭ ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ આખરી એક્ઝીટ લઇ ગયા હતા. તેઓ હંમેશા માનભેર યાદ કરાશે તેમની 'સત્યકામ', 'ચુપકે ચુપકે', 'અનુપમા', 'આનંદ', 'અભિમાન', 'ગુડ્ડી', 'ગોલમાલ', 'આશીર્વાદ', 'બાવર્ચી', 'કિસી સે ના કેહના' તથા 'નમક હરામ' જેવી યાદગાર ફિલ્મો માટે.

હૃષીદાના હુલામણા નામથી લોકપ્રિય એવાં આ નિર્દેશકે ચાર દાયકા સુધી વિસ્તરેલી તેમની કારકિર્દીમાં ૪૨ ફિલ્મોનું નિર્દેશન કર્યું હતું. તેમને 'મિડલ સિનેમા'નો ખ્યાલ કરનાર તરીકે માનથી યાદ કરાય છે. મધ્યમ વર્ગી લોકોના બદલાતાં જતાં વિચારોને સામાજિક ફિલ્મોમાં ઢાળનાર તરીકે તેઓ જાણીતા બન્યા હતા. મુખ્ય ધારાની તામઝામ વાળી ફિલ્મો અને કલાત્મક ફિલ્મની નીરસ વાસ્તવિકતા વચ્ચે હૃષીદાએ પોતીકો મધ્યમ માર્ગ ચાતર્યો હતો. હૃષીદાને સેન્સર બોર્ડના અને રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમના અધ્યક્ષ પણ બનાવાયા હતા. ભારત સરકારે ૧૯૯૯માં હૃષીદાને દાદા સાહેબ ફાળકેના સર્વોચ્ચ ફિલ્મી સન્માનથી અને ૨૦૦૧માં પદ્મ વિભૂષણથી નવાજ્યા હતા. તેઓ આઠ ફિલ્મફેર એવોર્ડ જીત્યા હતા.

૩૦ સપ્ટેમ્બર, ૧૯૨૨ના રોજ કોલકાતામાં બંગાળી બ્રાહ્મણ પરિવારમાં હૃષીદાનો જન્મ થયો હતો. કોલકાતા યુનિવર્સીટીમાંથી કેમેસ્ટ્રી સાથે તેઓ ગ્રેજ્યુએટ થયા હતા. તેમણે થોડા સમય માટે ગણિત અને વિજ્ઞાન શીખવ્યું પણ હતું. તેઓ પહેલાં ફિલ્મના કેમેરામેન બન્યા હતા અને પછી સંપાદક (એડિટર) બન્યા હતા. ૧૯૪૦ના દાયકામાં તેઓ વિખ્યાત સુબોધ મિત્ર પાસેથી સંપાદન કલા શીખ્યા હતા. પછી તેમણે મુંબઈમાં બિમલ રોય સાથે ૧૯૫૧થી સહાયક નિર્દેશક રૂપે કામ કર્યુ. 'દો બીઘા જમીન' અને 'દેવદાસ' જેવી મહાન ફિલ્મો સાથે તેઓ જોડાયા હતા. 'મુસાફિર' (૧૯૫૭)માં તેઓ નિર્દેશક બન્યા. પછી 'અનાડી' (૧૯૫૯) માટે પાંચ ફિલ્મફેર એવોર્ડ વિજેતા કાર્ય કર્યું. તે વર્ષે તેમના ગુરુ બિમલદા શ્રેષ્ઠ નિર્દેશક બન્યા હતા. ત્યાર બાદ તેમની ફિલ્મો આવતી રહી, જેમાં નોંધપાત્ર રહી 'અનુરાધા', 'અસલી-નકલી', 'આનંદ', 'અનુપમા', 'આશીર્વાદ', 'સત્યકામ', 'ગુડ્ડી', 'બાવર્ચી', 'અભિમાન', 'નમક હરામ', 'મિલી', 'ચુપકે ચુપકે', 'ગોલમાલ', 'ખૂબસૂર'ત તથા 'બેમિસાલ'. તેમણે ધર્મેન્દ્ર પાસે પહેલી વાર કોમેડી કરાવી હતી, તો અમિતાભને રાજેશ ખન્ના સામે 'આનંદ'માં મોટો બ્રેક આપ્યો હતો. જયા ભાદુડીને પહેલી વાર તેઓ 'ગુડ્ડી'માં લાવ્યા હતા. બિમલદાની 'મધુમતી' જેવી ફિલ્મનું સંપાદન કરીને તેઓ જાણીતા એડિટર બન્યા હતા.

તેઓ પોતાની ફિલ્મોમાં નિર્દોષ મનોરંજન પીરસતા, જે આખું પરિવાર સાથે બેસીને માણી શકતું. અને ફિલ્મ મનોરંજક હોવા છતાં કોઈ ખાસ સંદેશ પણ આપી જતી. જેમકે 'અનુરાધા'માં પોતાની પત્નીની સંગીતકલા વિશે ન જાણતા પતિને પોતાની પત્નીના લગ્ન પહેલાંમાં તંદુરસ્ત સંબંધની જાણ કરાવાઈ હતી.દેવ આનંદને 'અસલી નકલી'માં અમીર બાપના એવા દીકરા બનાવ્યા જે ગરીબો સાથે રહીને જીવનની અસલિયતનો પાઠ ભણે છે. 'આનંદ' તો દેશની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક છે, જેમાં જીવન અને મૃત્યુને કાવ્યની કક્ષાએ ચર્ચામાં લેવાયું છે.'ગોલમાલ'માં દીકરીને માટે યોગ્ય મુરતિયો શોધતા બાપ અને દીકરીના નૌટંકી જેવા પ્રેમીની ધમાચકડી હતી.'અનુપમા'માં એકદમ એકાકી થઇ ગયેલી યુવતીની વ્યથા હતી.'આશીર્વાદ'માં એવા કેદીની વાત હતી, જે જેલમાંથી છૂટ્યા પછી બાળપણમાં જેને ખુબ વહાલ કરેલું એવી મોટી થઇ ગયેલી દીકરી સામે આવતા ખચકાય છે.'સત્યકામ'માં નિષ્ઠા અને પ્રમાણિકતાના પાઠ શીખેલા યુવાનના પ્રેમ અને સંઘર્ષની વાત હતી.'ગુડ્ડી'માં પડદા પરના ફિલ્મી હીરોને જોઈને તેને માટે આકર્ષણ ધરાવતી યુવતીને ફિલ્મી દુનિયાની હકીકત સમજાવવાની વાત હતી,'બાવર્ચી'માં એક જ છત નીચે રહેતાં પણ વેરવિખેર થયેલાં પરિવારને એકસૂત્ર કરનાર રસોઈયાની વાત હતી. 'અભિમાન'માં સુપર સ્ટાર બનેલા ગાયક તેમની ગાયક પત્ની કરતાં પાછળ પડી જાય ત્યારે



પુરુષના અભિમાન દ્વારા દામ્પત્ય જીવનમાં પડતી ખલેલની વાત હતી.'નમક હરામ' ઈબ્સનના દુનિયાના મહાન નાટકોમાંના એક એવા 'ધ એનિમી ઓફ ધ પીપલ' પરથી, 'મિલી' મહાન મરાઠી/ગુજરાતી નાટક 'અમે બરફના પંખી' પરથી, 'ખુબસુરત' ઘરના વડીલ દ્વારા ઘડાયેલા નિયમોને કારણે પરિજનોમાં આવી જતી કુંઠિતતામાંથી છૂટવાની વાત હતી. આ તમામ ફિલ્મો પાસે સુંદર વાર્તા હતી, કર્ણપ્રિય ગીત-સંગીત હતું અને ખુબ બધી હળવાશ હતી. તો તેના મુખ્ય પાત્રો મોટા ગજાના કલાકારો ભજવતા હતા.ધર્મેન્દ્ર, રાજેશ ખન્ના કે અમિતાભ બચ્ચન પોતાના સારા સમયમાં ખુબ વ્યસ્ત હોવા છતાં હૃષીકેશ મુખર્જી સાથે ફિલ્મ કરવા માટે આતુર રહેતાં એ હૃષીદાનો દરજ્જો હતો. હૃષીદાની ફિલ્મોના ટોપ ટેન ગીતો : કૈસે દિન બીતે કૈસે બીતી રતિયા (અનુરાધા), તેરા મેરા પ્યાર અમર (અસલી-નકલી), કુછ દિલને કહા (સત્યકામ), ચુપકે ચુપકે ચલરી પુરવૈયા, ઝીંદગી કૈસી હૈ પહેલી (આનંદ), એક થા બચપન (આશીર્વાદ), બોલ રે પપીહરા (ગુડ્ડી), ભોર આઈ ગયા અંધિયારા (બાવર્ચી), તેરે મેરે મિલન કી યે રૈના (અભિમાન), આનેવાલા પલ (ગોલમાલ).

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.4500/-
Raymond
dinesh
Siyaram's
DONEAR
DIGJAM
NIRVAN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

DOLAT INVESTMENTS LIMITED

Registered Office: Office No. 141, Center Point, Somnath, Daman, Daman & Diu-396210
Corporate Office: 301-308, Bhagwati House, Plot A/19, Veera Desai Road, Andheri (West), Mumbai - 400058
Tel.: 91-22-2673 2602; **Fax:** 91-22-26732642
Website: www.dolatinvest.com; **E-mail:** post@dolatinvest.com; **CIN:** L67100DD1983PLC004760;

Extract of Unaudited Consolidated and Standalone Financial Results for the quarter ended 30th June, 2020

Rs. in Lakhs

Sr. No	Particulars	Consolidated			Standalone		
		Quarter Ended 30.06.2020	Year Ended 31.03.2020	Quarter Ended 30.06.2019	Quarter Ended 30.06.2020	Year Ended 31.03.2020	Quarter Ended 30.06.2019
		Unaudited	Audited	Unaudited	Unaudited	Audited	Unaudited
1	Total income from operations	4,493.52	15,774.70	3,104.55	3,602.17	12,233.41	3,104.55
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	3,031.25	10,150.97	2,005.45	2,653.57	8,518.83	2,005.45
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	3,031.25	10,150.97	2,005.45	2,653.57	8,518.83	2,005.45
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	2,159.06	7,134.09	1,303.76	2,152.19	7,104.58	1,303.76
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	2,159.15	7,134.70	1,303.82	2,152.28	7,105.19	1,303.82
6	Equity share capital	1,760.00	1,760.00	1,760.00	1,760.00	1,760.00	1,760.00
7	Reserve (excluding Revaluation Reserve as shown in the balance sheet of previous year)	-	20,203.78	-	-	20,203.78	-
8	Earnings Per Share (of Rs. 1/- each) (for continuing and discontinued operations) -						
	a) Basic	1.23	4.05	0.74	1.22	4.04	0.74
	b) Diluted	1.23	4.05	0.74	1.22	4.04	0.74

Note:
1) The above is an extract of the detailed format of Unaudited Standalone and Consolidated Financial results for the Quarter ended on 30th June, 2020, filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the above Result are available on the Stock Exchange website (www.bseindia.com) and the Company's website (www.dolatinvest.com)
2) The Board of Directors at its meeting held on 26th August, 2020 has declared an interim dividend of Rs. 0.15/- per equity share.

For Dolat Investments Limited
Sd/-
Pankaj D. Shah
Managing Director
(DIN: 00005023)

Place : Mumbai
Date : August 26, 2020